ભારતીય રિઝર્વ બેંક/2006-07/222
યુબીડી.પીસીબી.પરિપત્ર નં.25/09.39.000/06-07

તા.28 ડિસેમ્બર, 2006

મુખ્ય વહીવટી અધિકારી,
તમામ પ્રાથમિક (શહેરી) સહકારી બેંકો

શ્રીમાન/શ્રીમતી,

**<u>ચેક નાખવાની પેટીની સગવડ અને ચેક મળ્યાની પહોંચ આપવાની સગવડ-શહેરી સહકારી બેંકો</u>**

ઘણી બેંકની શાખાઓ કાઉન્ટર પર ચેકો સ્વીકારતી નથી અને ચેક નાખવાની પેટીમાં ચેકો નાખવાની ગ્રાહકોને ફરજ પાડે છે એવી ફરિયાદો ભારતીય રિઝર્વ બેંક / બેંકિંગ ઓમ્બડસ્મેનને મળી રહી છે.

2. આ સંદર્ભમાં બેંકોને તેમના ગ્રાહકોને ચેક નાખવાની પેટીમાં ચેકો નાખવા માટે ફરજ પાડવી ન જોઈએ તેવી સલાહ આપવામાં આવે છે. ગ્રાહકોને ચેક નાખવાની પેટીની સગવડ ઉપલભ્ય બનાવવામાં આવી હોય ત્યારે નિયમસર સ્વીકાર્ય કાઉન્ટર પર તેમને ચેકોની પહોંચ આપવાની સગવડનો ઈનકાર કરવો ન જોઈએ. કોઈ બેંકે તેમનાં કાઉન્ટર પર ગ્રાહકો દ્વારા રજૂ કરાતા ચેકોની પહોંચ આપવાનો ઈનકાર કરવો ન જોઈએ.

3. ચેક નાખવાની પેટીની સગવડ શરૂ કરવામાં આવી હોય ત્યાં ગ્રાહકોને ચેક નાખવાની પેટી અથવા કાઉન્ટર પર રજૂ કરવાના બંને વિકલ્પ ઉપલભ્ય હોવા અંગે વાકેફ કરવાનું જરૂરી છે, જેથી કરીને ગ્રાહક આ અંગે જાણ પ્રમાણેનો નિર્ણય લઈ શકે. <u>તેથી ચેક નાખવાની પેટી પર જ અનિવાર્યપણે નીચે પ્રમાણે પ્રદર્શિત કરવા</u> બેંકોને સલાહ આપવામાં આવે છે.

<u>'ગ્રાહકો કાઉન્ટર પર ચેકો રજૂ કરી શકે છે તેમજ પે-ઈન-સ્લીપ પર પહોંચ મેળવી શકે છે'</u>

ઉપરનો સંદેશ અંગ્રેજી, હિંદી અને રાજયની સંબંધિત પ્રાદેશિક ભાષામાં પ્રદર્શિત કરી શકાય.

4. સંબંધિત પ્રાદેશિક કચેરીને પહોંચ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(એન.એસ.વિશ્વનાથન)
પ્રભારી મુખ્ય મહાપ્રબંધક